# સહજ-સ્ફુરણ અને વિનોદપ્રિયતા

## આનંદમય જન્મદિવસના ઉપલક્ષમાં પ્રસ્તુત શ્રીગુરુમાઈ સાથે કેટલાક પ્રસંગો

### શ્રીગુરુમાઈ સાથે પ્રસંગ : ૧

*વાણી અગ્રવાલ*

૧૯૯૦નું વર્ષ હતું. જાન્યુઆરી મહિનો હતો. મનોહર ગુરુદેવ સિદ્ધપીઠમાં બપોર થવાની જ હતી, મંદ-મંદ પવન વહી રહ્યો હતો. ગુરુચોકમાં જ્યાં શ્રીગુરુમાઈ દર્શન આપી રહ્યાં હતાં, ત્યાં પૂર્ણ સ્થિરતા છવાયેલી હતી.

હું દર્શન માટે સહાયકની સેવા આપી રહી હતી. જ્યારે દર્શનના સમયનું સમાપન થવાનું જ હતું ત્યારે એક સેવાકર્તાએ આવીને મને જણાવ્યું કે ભારત સરકારના એક વરિષ્ઠ મંત્રી આશ્રમ આવી રહ્યા છે. તેઓ પાંચ મિનિટમાં પહોંચી જશે અને ગુરુમાઈજીનાં દર્શન કરવા માંગે છે.

મેં આ સમાચાર ગુરુમાઈજીને આપ્યા. ગુરુમાઈજીએ હકારમાં માથું હલાવ્યું અને મને એ માનનીય મંત્રીજી માટે એક હાર લાવવા કહ્યું. હું હાર લેવા માટે ગઈ પરંતુ મને કોઈ હાર મળ્યો નહીં. મેં ગુરુચોકમાં પાછા આવીને ગુરુમાઈજીને જણાવ્યું કે કોઈ હાર ઉપલબ્ધ નથી.

તરત જ ગુરુમાઈજીએ દર્શન બાસ્કેટમાં મૂકેલા મોગરાના ગજરા તરફ ઇશારો કર્યો. થોડા સમય પહેલાં જ એક ભક્તે આ ગજરાઓ અર્પિત કર્યા હતા. ગુરુમાઈજીએ મને તેમાંથી થોડા ગજરાને બાંધીને એક હાર બનાવવા કહ્યું.

હું ગુરુમાઈજીના આસનની નજીક બેસી ગઈ અને ખૂબ જ એકાગ્રતાથી ગજરાને બાંધવા લાગી. હું ધ્યાનપૂર્વક ગજરા બાંધી રહી હતી ત્યારે ગજરા બાંધતાં-બાંધતાં મેં ઉપર જોયું, મંત્રીજી તો ગુરુમાઈજીનાં દર્શન માટે આવી ગયા છે! તેમણે ગુરુમાઈજીને ઘૂંટણ ટેકવીને આદરપૂર્વક પ્રણામ કર્યા. જ્યારે તેઓ પ્રણામ કરીને ઊભા થઈ રહ્યા હતા ત્યારે ગુરુમાઈજીએ મારી તરફ જોયું અને હિંદીમાં કહ્યું, “માલા” — હાર. ગુરુમાઈજીએ ઇશારો કર્યો કે હું એ હાર મંત્રીજીને પહેરાવું.

મારું ગજરા બાંધવાનું કાર્ય હજી પૂરું નહોતું થયું. તેમ છતાં, ઊભા થઈને મેં તેમના ગળામાં હાર પહેરાવી દીધો. જેવો મેં હાર પહેરાવ્યો કે હાર સામેની બાજુથી ખૂલી ગયો. મંત્રીજીના ગળામાં ફૂલોની બે સેર બંને બાજુએ લટકી રહી હતી, એ પાછળથી બંધાયેલી હતી પરંતુ આગળથી ખુલ્લી હતી.

ગુરુમાઈજીએ હસીને તરત જ મંત્રીજીને કહ્યું, “હવાઈમાં લોકોનું સ્વાગત આ જ રીતે કરવામાં આવે છે.”

આ સાંભળીને મંત્રીજી બહુ ખુશ થઈ ગયા અને કહ્યું કે હવાઈની પારંપરિક રીતથી તેમનું સ્વાગત કરવામાં આવ્યું એ તેમના માટે ગૌરવની વાત છે!

આ અદ્ભુત વાર્તાલાપ જોઈને હું આશ્ચર્યથી ભરાઈ ગઈ — ગુરુમાઈજીએ એક ચિંતાજનક પરિસ્થિતિને અત્યંત પ્રફુલ્લતાભરી પરિસ્થિતિમાં ફેરવી નાખી હતી.

પછી હું ગુરુમાઈજી દ્વારા કરવામાં આવેલા હવાઈના પરંપરાગત હારના ઉલ્લેખ વિશે વિચારવા લાગી, કારણ કે જે હવાઈ હારને 'લેઇ' કહેવામાં આવે છે તેના વિશે હું જાણતી હતી કે તે તો ભારતીય ફૂલોના હારની જેમ જ ગોળ બાંધેલો હોય છે. પછી એક દિવસ મેં એક વિશેષ પ્રકારની 'લેઇ'નો ફોટો જોયો જેને 'માઇલી લેઇ' કહેવામાં આવે છે. જેનો ઉપયોગ ખાસ પ્રસંગો પર આદરણીય મહેમાનોનું સ્વાગત કરવા માટે કરવામાં આવે છે. આ વિશેષ 'લેઇ' સામેથી ખુલ્લી હોય છે, બરાબર મોગરાના ગજરાથી બનાવેલા એ હારની જેમ જે મેં મંત્રીજીને પહેરાવ્યો હતો! એ આખા પ્રસંગને યાદ કરીને હું ફરી એકવાર આશ્ચર્યચકિત રહી ગઈ : શ્રીગુરુમાઈ નિશ્ચિતરૂપે જાણતાં હતાં કે તેમનાં દર્શન માટે આવેલા મંત્રીજીનું સન્માન કેવી રીતે કરવું જોઈએ.

***

## શ્રીગુરુમાઈ સાથે પ્રસંગ : ૨

### *સ્વામી અખંડાનંદ*

વર્ષ ૨૦૦૪ના ફેબ્રુઆરી મહિનામાં એક દિવસ હું અને બીજા કેટલાક સેવાકર્તાઓ અનુગ્રહ બિલ્ડિંગની નીચેની લૉબીમાં શ્રીગુરુમાઈ સાથે કંઈક ચર્ચા કરી રહ્યા હતા. હું સાંભળવાના કૌશલ્યને કેવી રીતે સુધારવું તેના વિશે મારો એક વિચાર ગુરુમાઈજીને કહી રહ્યો હતો, જેથી લોકો ગુરુમાઈજી જે કહે છે તેને બરાબર યાદ રાખી શકે અને પૂરીરીતે સમજી શકે.

ગુરુમાઈજીએ સ્મિત કરીને કહ્યું કે તેમણે જોયું છે કે જ્યારે હું સાંભળું છું — ખાસ કરીને ગુરુમાઈજીને — તો હું તરત જ મારું માથું હલાવીને કહું છું "ઓહ, હા!" ત્યારે એમ લાગે છે કે મને બધું બહુ જલ્દીથી સમજાઈ જાય છે, પરંતુ હકીકતમાં કદાચ એવું ન પણ હોય! ગુરુમાઈજીએ સમજાવ્યું કે તેમને એ જોવું ગમે છે કે લોકો તેમની શિખામણને કેવી રીતે સમજે છે; એટલા માટે તેઓ થોડું ધીમેથી બોલશે, પછી જરા થોભશે જેથી તેમણે જે કહ્યું છે તેના પર લોકો વિચાર કરી શકે અને પછી તેમને કહેશે કે તેઓ જે સમજ્યાં છે તેનું નિરીક્ષણ કરે, ફરીથી નિરીક્ષણ કરે.

ગુરુમાઈજીએ ત્યાં હાજર એક સેવાકર્તાને આના વિશે આગળ સમજાવવા કહ્યું. એ સેવાકર્તાએ કહ્યું કે ગુરુમાઈજી તેની સાથે મારી આ વૃત્તિ વિશે વાત કરી રહ્યાં હતાં અને જે ચિત્ર તે બંનેનાં મનમાં આવ્યું તે માથા પરથી ઊડતા જેટ વિમાનનું હતું.

ગુરુમાઈજીએ એ સેવાકર્તાને અભિનય કરીને બતાવવા કહ્યું કે હું ગુરુમાઈજીની વાત કેવી રીતે સાંભળું છું. સેવાકર્તાએ અભિનય કર્યો — તેણે ઉપર જોયું જાણે કે આકાશમાં વિમાન ઊડતું હોય અને કહ્યું, “સ્વામીજી કહે છે, ઝૂડડડપ — *વાહ, શું આઇડિયા છે!* ઝૂડડડપ — *બહુ સરસ પ્લાન છે!* ઝૂડડડપ — *કેટલો અદ્‌ભુત વિચાર છે!* દરેક ઝૂડડડપ સ્વામીજીની તરત થતી પ્રતિક્રિયા છે, જેને તેઓ દરેક નવી યોજના કે વિચાર સાંભળીને વ્યક્ત કરે છે... તેમ છતાં... એ યોજના કે વિચારો તેમની અંદર ઊતરી શકે તેના માટે તેઓ ક્યારેય થોભતા નથી.”

ગુરુમાઈજીની વાત સાંભળવાની મારી આ રીતની આબેહૂબ નકલ આ સેવાકર્તાએ કરી તો બધાં હસી પડ્યાં — અને હું પણ હસવા લાગ્યો. હું મારી આદતને સમજી ગયો અને હું કૃતજ્ઞ હતો કે ગુરુમાઈજીએ મને મારી એ આદત પ્રત્યે સચેત કર્યો.

તેના થોડાં અઠવાડિયાં પછી હું ગુરુમાઈજીને મુક્તાનંદ મંદિરમાં ફરીથી મળ્યો. ગુરુમાઈજીએ આંખોમાં ચમક સાથે કહ્યું, “સ્વામીજી! મારી પાસે તમારા માટે એક ભેટ છે.” ગુરુમાઈજીએ કહ્યું કે આ ભેટ મને યાદ અપાવશે કે મારે સાંભળવાનું છે અને વિચારોને અંદર ઉતારવાના છે, તેને સમજવાના છે.

પછી ગુરુમાઈજીએ ત્યાં હાજર એક સેવાકર્તાને આગળ આવવા કહ્યું. એ સેવાકર્તાના હાથમાં એક ચમકતા, સફેદ-નીલા રંગનું, ૭૪૭ જેટ વિમાનનું એક રમકડું હતું! અમે બધાં હસી પડ્યાં અને મેં બહુ ખુશીથી ગુરુમાઈજીના આ પ્રસાદનો સ્વીકાર કર્યો.

ત્યારથી મેં એ જેટ વિમાનના રમકડાને મારી પૂજામાં મૂક્યું છે; તે એક અત્યંત પ્રભાવશાળી પ્રતીક છે કે મારે કઈ વસ્તુનો અભ્યાસ કરવાની જરૂર છે. તે મને યાદ અપાવે છે કે જ્યારે શ્રીગુરુમાઈ કંઈક કહી રહ્યાં હોય તો હું વર્તમાનમાં ઉપસ્થિત રહું અને સતર્ક રહીને સાંભળું, તેમજ જે કહેવામાં આવી રહ્યું છે તેના પર મનન કરું અને એ જોઉં કે ગુરુમાઈજીની શિખામણોથી મને શું સમજ મળી રહી છે. જ્યારે પણ હું આ વિમાનને, મારાં શ્રીગુરુ પાસેથી મળેલા આ પ્રસાદને જોઉં છું ત્યારે મારી અંદર કૃતજ્ઞતાને ઊમડતા અનુભવ કરું છું.

© ૨૦૧૭ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.